ગાંધીનગર સમાચાર
તા. ૩-૧-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### આયોજન પંચને બદલે હવે 'નીતિ પંચ'

જે કામ પહેલા બિનકોંગ્રેસી પ્રધાનમંડળના વડા મોરારજી દેસાઈ કે ભારતીય જનતા પાર્ટીના ભીષ્મપિતામહ અટલબિહારી વાજપેયી નહોતા કરી શકયા તે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રમોદીએ ચપટી વગાડતાં કરી દીધું. પં.નહેરુનો ઓછાયો એટલો પ્રચંડ હતો કે આઝાદીના સડસઠ વર્ષ દરમિયાન કોઈ માઈનો લાલએને ઓળંગવાની હિંમત નહોતો કરી શકયો. આયોજન પંચ એ પંડિત નહેરુની મનગમતી સંકલ્પના હતી. નરેન્દ્ર મોદીને નહેરુના નામ સામે જ સૌથી મોટો વાંધો છે. એમને પં.નહેરુના પગલે ચાલીને બીજા અટલ બિહારી વાજપેયી નથી બનવું. એમને ઈતિહાસમાં એક અને અનન્ય- 'એકમેવા દ્રિતીયમ્' બની રહેવાની ધખના છે. પં.નહેરુના વારસાને કોંગ્રેસ આજપર્યંત વટાવતી રહી છે. એમાં એણે સરદાર પટેલ ર્ડા.રાજેન્દ્રપ્રસાદ અને સુભાષબાબુ કે લોકમાન્ય ટિળક અને મદનમોહન માલવીય જેવા રાષ્ટ્રીય નેતાઓની જાણ્યે-અજાણ્યે ઉપેક્ષા પણ કરી છે. એ હકીકત છે. નરેન્દ્રમોદી કોંગ્રેસના નહેરુ કલ્ચરનો અને વંશવાદનો ખાતમો બોલાવવા કૃત સંકલ્પ છે. તેથી નહેરુના નામે ચાલતી અનેક લોક કલ્યાણ યોજનાઓનું એમણે નવેસરથી નામકરણ કરી દીધું છે. એમણે કયાંક જનસંઘના સ્થાપક શ્યામપ્રસાદ મુખર્જીનું નામ જોડી દીધું છે. તો કયાંક દીનદયાલ ઉપાધ્યાય કે અટલ બિહારી વાજયેપીનું. નવી બોતલમાં નવો દારૂ પીરસી રહ્યા હોવાનો એમની સામે આક્ષેપ પણ થવા લાગ્યો છે. પણ પાછું વાળીને જુએ તો એ નરેન્દ્ર મોદી નહી! નવા વર્ષના પ્રારંભે જ એમણે જે કેટલાક મહત્ત્વના વટહુકમો પર રાષ્ટ્રપતિનું મત્તું મરાવી દીધું. એમાં એમની આ માનસિકતાનો તાગ મળે છે. આયોજન પંચ મારફત રાજયોના વિકાસ માટે કેંન્દ્ર આટલાં વર્ષો લગી નાણાં ફાળવતું હતું અને પંચવર્ષીય યોજનાઓનું આયોજન કરતું હતું. મોદી આ પંચનું કાર્ય તો બદલી શકે એમ નહોતા, પણ એનું સ્વરૂપ અને નામ જરૂર બદલી શકયા છે. નિર્મળ ભારતને એમણે 'સ્વચ્છ ભારત' બનાવી દીધું. 'નિર્મળ ગ્રામ'ને એમણે 'આદર્શ ગ્રામ'માં ફેરવી દીધું. મોદીમાં રહેલા ક્રિયેટીવ સર્જકે આયોજન પંચને 'નીતી પંચ' જેવું વધુ આધ્યાત્મિક નામ આપ્યું છે. આ નિતી પાછું અંગ્રેજી મૂળાક્ષરોથી બનતું ટૂંકૂં, મિતાક્ષરી નામ છે. નવું નામ છે : નેશનલ ઈન્સ્ટિટયૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા(એનઆઈટીઆઈ). હવે એની ગવર્નિંગ કાઉન્સીલમાં રાજયોના મુખ્યમંત્રીઓ પણ હશે, જેથી પોતપોતાના રાજયની જરૂરિયાત મુજબની યોજના બનાવવામાં એમનો અવાજ મહત્ત્વનો બની રહેશે. વડાપ્રધાન પોતે પંચના વડા હશે અને ઉપાધ્યક્ષની નિમણુંક પણ તેઓ જાતે જ કરશે. ગત વર્ષે સ્વાતંત્ર્ય દિન પ્રસંગે લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવતાં મોદીએ આયોજન પંચના નવ સંસ્કરણનો સંકેત આપી જ દીધો હતો. મોદીને નવા નવા પ્રયોગો કરવાનું ગમે છે. આયોજન પંચની ચીલાચાલુ વ્યવસ્થાને ધરમૂળથી બદલી નાખીને એમણે એમની આ સિસૃક્ષાનો જ પરિચય આપ્યો છે. અલબત્ત મોદી જે કંઈ નવું કરે છે એમાં પોતે કેંન્દ્રીય ભૂમિકામાં રહે છે. તે રીતે 'નીતી પંચ' હકીકતમાં તો નામફેરે 'મોદી પંચ' જ બની રહેવાનું છે. ટીકાકારોને જે કહેવું હોય તે કહે, મોદી ચલત હૈ અપની ગતમેં. એમને પણ શાળાકાળ દરમિયાન વાંચેલું સુભાષિત યાદ આવતું હશે-

ચીલે ચીલે ગાડું ચલે, ચીલે ચલે કપૂત,
પણ એ ચીલે નવ ચલે શૂરા, સિંહ, સપૂત !

## માસ્ટર્સ એથ્લેટિક્સમાં ગાંધીનગર જિલ્લાના ૧૫ ખેલાડીઓએ ૩૭ ચંદ્રકો મેળવ્યા

### ૧૮ સુવર્ણ ચંદ્રક, ૧૪ સિલ્વર ચંદ્રક અને ૫ બ્રોન્ઝ સાથે જિલ્લાના ખેલાડીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ૧૫ ખેલાડીઓએ તાજેતરમાં પોરબંદર ખાતે યોજાયેલ ૩૪મી માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં ચંદ્રકો જીત્યા હતા. આ ખેલાડીઓએ ૧૮ ગોલ્ડ મેડલ, ૧૪ સિલ્વર મેડલ અને ૫ બ્રોન્ઝ મેડલ મળીને કુલ ૩૭ મેડલો જીતી ગાંધીનગર જિલ્લાનીં નામ રોશન કર્યું છે.

તા. ૧૬ થી ૧૯ એપ્રિલ દરમ્યાન હિમાચલ પ્રદેશના ધર્મશાળા મુકામે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. આ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ દિનેશસિંહ ચાવડા અને માનદ મંત્રી દશરથસિંહ ચૌહાણ તેમજ સહમંત્રી કે.કે. પટેલે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ૩૪મી માસ્ટર્સ એથ્લેટિક્સમાં વિજેતા ગાંધીનગર જિલ્લાના ખેલાડીઓ

- પરમાર રવેસિંહ બી. ગોળાફેંક/ચક્રફેંકમાં સિલ્વર, તથા બરછી ફેંકમાં બ્રોન્જ
- ગઢવી ગીરીશ કે. ૫૦૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ
- તરાલ ભગવાનભાઈ કે. વાંસ કુદમાં ગોલ્ડ તથા હાઈ જમ્પમાં સિલ્વર મેડલ
- કટારા મહેશભાઈ બી. ૪૦૦ મીટ દોડ, ૮૦૦ મી. દોડ, લાંબી કુદમાં ગોલ્ડ મેડલ
- ખેર બાબુભાઈ બી. ૮૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ તથા ૧૫૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ.
- મહેતા મહેન્દ્રકુમાર પી. ૧૦૦ મી. હડલ્સ, ૪૦૦ મી. હડલ્સ, ૩૦૦૦ મી. સ્ટીયેલમાં ગોલ્ડ મેડલ
- પટેલ કાન્તિભાઈ કે. ચક્રફેંક, હથોડા ફેંકમાં સિલ્વર મેડલ તથા ગોળા ફેંકમાં કાસ્ય
- સોનેરાઓ રાજન સી. ૨૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ, ૧૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ
- ગામીત ઉષાબેન આર. બરછી ફેકમાં ગોલ્ડમેડલ, ચક્રફેક સિલ્વર મેડલ, ચક્રફેકમાં બ્રોન્ઝ મેડલ.
- રાઓલ દેવેન્દ્રકુમાર બી. બરછી ફેંકમાં સિલ્વર મેડલ, ચક્રફેંકમાં બ્રોન્ઝ મેડલ
- મહેતા કિર્તીબેન એમ. ૪૦૦ મી. હડલ્સ, ૫ કિ.મી. વોક ગોલ્ડ મેડલ, ૧૮૦ મી. હડલ્સમાં બ્રોન્ઝ મેડલ




## સુપર સીંગર ઓફ ડિસ્ટ્રીકટની ફાઈનલ માટે ૧૫ સ્પર્ધકોની પસંદગી

### પ્રથમ રાઉન્ડ ઓડીશનમાં ૧૩૫ સ્પર્ધકોમાંથી દ્વિતિય રાઉન્ડમાં ૪૫ અને તેમાંથી ફાઈનલમાં ૧૫ની પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની જેસીઆઈ દ્વારા 'સુપર સીંગર ઓફ ધ ડિસ્ટ્રીક્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના ૧૩૫ સ્પર્ધકોએ ઓડીશનમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધકોમાંથી ૪૫ સ્પર્ધકોને ઓડીશનમાંથી દ્વિતીય રાઉન્ડ માટે પસંદગી પામ્યા હતા અને તેમાંથી ૧૫ સ્પર્ધકોને ફાઈનલ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

આ સ્પર્ધામાં મુક્તિબેન વૈષ્ણવ, ભરતભાઈ ગજ્જર અને નિલેષ બારોટે નિર્ણાયક તરીકેની સેવાઓ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી, મંત્રી કેતન ભાવસાર ઉપરાંત સંજય નાયી, ચિરાગ બગથરીયા, કિર્તિભાઈ, અંકિત જૈન, ગૌરવ જોગી, અભય શાહ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

**રક્તદાન મહાદાન**

## ગાંધીનગર ખાતે રવિવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર તા.૨

ગાંધીનગર ખાતે દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ ઘ-૪ના સર્કલ પાસે, ઉધોગ ભવન પાસે તા.૪-૧-૨૦૧૫ રવિવારના રોજ સવારના ૭:૩૦ થી ૯:૦૦ કલાક દરમ્યાન યોજાશે.

સારા વાંચન, સારાં પુસ્તકોના વાંચનને પ્રોત્સાહિત કરવા, માતૃભાષા ગુજરાતીના ગૌરવને પ્રોત્સાહિત કરવા, યુવાનો-વિધાર્થીઓને પુસ્તક વાંચન તરફ પ્રેરિત કરવાના હેતુથી આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. માતૃભાષા અભિયાન સમિતિ, અમદાવાદના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં ગાંધીનગરમાં પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. આ અગાઉ ૧૨ પુસ્તક પરબ યોજાઈ છે આ ૧૩ મી પુસ્તક પરબ યોજાશે.

પુસ્તકોના આદાન-પ્રદાનના સેતુરૂપ આ પરબ બની રહે છે. પુસ્તક પરબની મુલાકાત લેનાર ઉપલબ્ધ પુસ્તકોમાંથી કોઈ પણ બે પુસ્તક તથા મેગેઝીન ભેટમાં વિના મુલ્યે લઈ જઈ શકે છે. આ પુસ્તક પરબનો લાભ લેવા સહુ પુસ્તકપ્રેમીઓને હાર્દિક નિમંત્રણ છે.



ગાંધીનગરની સે-૧૬ની સી.આર.સી ફતેપુરા પ્રાથમિક શાળાના બાળકોનો તા.૨૮મી ડિસેમ્બર થી તા.૧ લી જાન્યુઆરી દરમ્યાન પાંચ દિવસનો કચ્છ ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં બાળકોને વરણા, ભૂજ, સફેદ રણ, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, અંબાધામ, ગોધરા માંડવી, જોગણી ધામ, કંડલા પોર્ટ તથા અંજાર વગેરે સ્થળોએ લઈ જવામાં આવ્યાં હતાં. આ પ્રવાસ માટે હિનાબેન પરેશભાઈ મેહતા તરફ થી રૂ.૨૦૦૦૦/- ગ્રામજનો તરફથી રૂ. ૯૨૫૧/- , શાળાના સ્ટાફ તરફથી રૂ. ૩૦૦૦/- અને શાળાના આચાર્ય તરફથી રૂ.૫૦૦ નું દાન મળ્યું હતું. આ દાન થકી ફતેપુરા પ્રા.શાળાના સે-૧૫ના બાળકોનો આ શૈક્ષણિક પ્રવાસ શકય બન્યો હતો.

## જિલ્લા સ્કાઉટ રેલીમાં એમ.બી.કન્યા પ્રા.શાળાની વિધાર્થીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર તા.૨

ગાંધીનગરના સે-૨૩માં આવેલ એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિધાર્થીઓએ ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા યોજાયેલ બે દિવસીય જિલ્લા રેલીમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ રેલીમાં શાળાની ૩૪ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૦ વિધાર્થીઓએ વિજેતા ક્રમમાં સ્થાન મેળવ્યું હતું.

ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા તા.૩૦ થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન આયોજીત જિલ્લા રેલીમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. એમ.બી.પટેલ કન્યા પ્રા.શાળાની વિધાર્થીઓએ છાવણી નિર્માણમાં તૃતીય અને કેમ્પ ફાયરમાં દ્રિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિધાર્થીઓને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યાં હતાં.

## ધડકણ હાઈસ્કુલમાં એનએસએસ પ્રવૃત્તિ અંતગર્ત ગ્રાહક સુરક્ષા દિન ઉજવાયો

ગાંધીનગર તા.૨

ધડકણ હાઈસ્કુલમાં તાજેતરમાં એનએસએસ પ્રવૃત્તિ અન્વયે ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. ભણતરની સાથે ગણતર અને ઘડતરની મહત્તાને આ પ્રસંગે વણી લેવામાં આવી હતી. વિધાર્થીઓ પોતાની જવાબદારીઓ પાયામાંથી જ સમજી અને અમલ કરે તેવો મુખ્ય ઉદ્દેશ આ પ્રવૃત્તિમાં સમજાવવામાં આવ્યો હતો.

પ્રાંતિજ તાલુકાની ધડકણ હાઈસ્કુલમાં ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટની ઉપસ્થિતિમાં ગ્રાહક સુરક્ષા દિનની તાજેતરમાં ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં થતી વિવિધ અન્ય પ્રવૃત્તિ અંતગર્ત ગ્રાહક સુરક્ષા દિન ઉજવવા માટે પણ મહત્વ અપાયુ હતું. પ્રમુખ નટુભાઈ બારોટે ગ્રાહકના અધિકારો ફરજો અને ગ્રાહક સાથે થતી છેતરપીંડી અંગે ઝીણવટભરી માહિતી આપી હતી. તેમજ શાળાના વિધાર્થીઓ પણ પોતાની જવાબદારી અંગે જાગૃત બની ભવિષ્યમાં તે ઉપયોગી બની શકે તેવો ઉદ્દેશ વ્યકત કરાયો હતો. આ પ્રસંગે ગ્રાહક સુરક્ષા અંગે કવીઝ સ્પર્ધા અને સામાન્ય જ્ઞાન અંગેની કવીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી અને બાળકોને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

આ ઉપયોગી અને સુંદર આયોજન અને વિગતો સંદર્ભે શાળાના આચાર્ય દિપકભાઈ પટેલ તથા પ્રોગામ ઓફીસર એન.કે.પટેલે પ્રસંગોચિત ઉદબોદન કર્યા હતા. તેમજ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક પી.જે.પટેલ કર્યુ હતું. અને સમગ્ર શિક્ષક વર્ગે સહકાર પુરો પાડયો હતો.




(તસ્વીર :- ધર્મેન્દ્ર મહેતા)

## બેગમ અખ્તરની જન્મશતાબ્દીએ અનોખી મહેફીલ યોજાઈ

**શિવરંજનીની પ્રસંશનીય પહેલ**

**રસાસ્વાદ**

**ધિરેન શાહ અને નરેશ ઝીંઝુવાડિયા**

ગાંધીનગરની સુર અને સંગીતની સાધનાને વરેલી સંસ્થા શિવરંજની દ્વારા ગઝલ ક્વીન (મલ્લિકા-એ-ગઝલ) નું બિરૂદ પામેલી શ્રી બેગમ અખ્તરની જન્મ શતાબ્દી નિમિત્તે મેરે હમનફઝ મેરે હમનવાં નામનો ગઝલનો કાર્યક્રમ તા.૨૭-૧૨-૨૦૧૪ ના રોજ શહેરના ટાઉન હોલ ખાતે યોજાઈ ગયો.શ્રી અમીત ઠક્કરના સંગીતમાં બે ગાયિકાઓ સર્વશ્રી દિપ્તી દેસાઈ અને વૈશાલી ત્રિવેદીના સ્વરોની સુરાવલી રેલાવતાં આ કાર્યક્રમનું સંચાલન શ્રી એસ.એ.કાદરીએ કર્યુ. વર્તમાન સમયમાં ધમાલ મચાવતાં ન્યુ વેવ સંગીતનો માહોલ ચારેય બાજુ છવાઈ રહ્યો હોય ત્યારે માણસને ગંભીરતાથી વિચારતાં કરી મુકે એવી ગઝલો રજુ કરવાનો -યત્ન કરવો એ એક દાદ માગી લે તેવું સાહસ ગણાય અને તે શિવ રંજનીએ કરી દેખાડ્યું.

કાર્યક્રમમાં બેગમની સુંદર ગઝલો રજુ થઈ. આપણે સૌ જાણીએ છીએ કે બેગમની ગાયકી માં અમુક શબ્દો એક ખાસ લહેંકાથી ગવાતાં જે દિપ્તી દેસાઈએ હૂબહૂ રજુ કર્યા. ખાસ તો `યે ના થી હમારી કિસ્મત...` એ શબ્દોની ગઝલ બેગમ ઉપરાંત સુરૈયા અને ચિત્રા સિંઘે પણ ગાયેલી છે જેથી તે ત્રણેય ગાયિકાઓની શૈલીને એવી ખૂબીથી રજુ કરી કે તે ત્રણેય ગાયિકાઓની વિશિષ્ટતાનો ખ્યાલ ગુણીજન શ્રોતાઓને તરત આવી જાય. આ જેવી તેવી વાત નથી. જેમ કે આ ગઝલ સુરૈયાના અવાજમાં રજુ થઈ ત્યારે તેમની ઝડપથી ગાવાની ખાસિયત દિપ્તીબેને એટલી સુંદર રીતે રજુ કરી કે શ્રોતાઓ પારખી લે કે હવે સુરૈયાનો લહેંકો આવ્યો. બીજી એક ગઝલ સુગમ સંગીતના બેતાજ બાદશાહ શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાયની રચના-`મેં તજી તારી તમન્ના .... એનો આ અંજામ છે...` -આ હતી જે બેગમે પોતાના અવાજમાં ગાઈ હતી. બીજી ગાયિકા વૈશાલી ત્રિવેદી જે પોતે કથ્થક ડાન્સર હોવા છતાં તેમની સુંદર ગાયકીનો પરિચય આપ્યો.તેમની ગઝલ `ફિર છીડી આજ બાત ફૂલોકી...` એ કર્ણપ્રિય બની રહી.

કાર્યક્રમની શરૂઆતમાં જ સંસ્થાના -મુખ શ્રી વાગ્મિન બુચે જણાવ્યું કે આવો કાર્યક્રમ રજુ કરવાનો નિર્ણય કરવામાં હિંમત દાખવવી પડે કેમ કે શ્રોતાઓ પસંદ કરશે કે કેમ તેવી એક ચેલેન્જ ઉપાડવી પડે. તેમણે સાહસ કરીને આ ચેલેન્જ ઉપાડી અને તેને એવી દાદ સાંપડી કે તેમનો નિર્ણય સાર્થક નીવડ્યો.શ્રોતાઓને કાર્યક્રમ ખૂબ જ ગમ્યો જે તેમની તાળીઓના ગડગડાટે સાબિત કર્યું. ખાસ તો કાર્યક્રમ દરમિયાન સ્ટેજ ઉપર કલાકારોની બેઠકની પાછળ જ નૈપથ્યમાં વીઝયુઅલ શો દ્વારા બેગમના જીવનની કેટલીક યાદો ફોટાઓ સ્વરૂપે રજુ કરીને તેમની શખ્સિયતનો પરિચય પણ કરાવ્યો તે બાબત અને શ્રી અમીત ઠક્કરે બેગમના જીવનની કેટલીક દ્રલભ વાતો શ્રોતાઓ સાથે શેર કરી તે સૌને અતિ પસંદ પડ્યું. આ સિવાય શાસ્ત્રીય રાગ ઉપર આધારિત બીજા વિશિષ્ટ અવાજ ધરાવતાં ગાયકો જેમ કે ફરીદા ખાતુમ, રેશમા, શુભા ગુર્ટુ અને યેસુદાસની ગાયેલી રચનાઓ પણ રજુ થઈ જેને શ્રોતાઓએ મન ભરીને માણી.આ બધાં જ કલાકારો તેમના જરા હટકે -કારનાં અવાજના કારણે આજે પણ લોકોને આકર્ષે છે. આમ એકંદરે શિવરંજનીએ એક અનોખા કાર્યક્રમના માધ્યમથી તેના સભ્યોને સંગીત સાધનાની અસર બેઘડી ચિંતન કરવા મજબૂર કરે છે તેની -તીતિ કરાવી દીધી.




## ચારૂતર વિધામંડળ સંચાલિત બી.વી.એમ. એન્જીનીયરીંગ કોલેજનું ગૌરવ

ચારૂતર વિધામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિધાલય એન્જીનીયરીંગ કોલેજ, સ્ટ્રકચરલ વિભાગના પ્રાધ્યાપક ર્ડા.ઈન્દ્રજીત પટેલનું રાજયના શિક્ષણ મંત્રી દ્વારા રોલ ઓફ ઓનર-૨૦૧૪ દ્વારા વિશિષ્ઠ સન્માન તા.૧-૧-૨૦૧૪ના રોજ આઈ.એસ.ટી.ઈના રાજય કક્ષાના ૧૯માં અધિવેશન દરમ્યાન એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગ ખાતે કરવામાં આવ્યું.

ર્ડા.ઈન્દ્રજીત પટેલ દ્વારા છેલ્લા બે દાયકાથી વધુ સમય માટે ટેકનીકલ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આપેલા પ્રદાન બદલ આ સન્માન એનાયત કરવામાં આવેલ છે. તેમના થકી હાથ ધરવામાં આવેલી વિવિધ અભ્યાસ લક્ષી ઈત્તર પ્રવૃત્તિ, સ્ટુડન્ટ એન્ડ ફેકલ્ટી ડેવલોપ પ્રવૃત્તિઓ, રાજય, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના વિવિધ સેમિનાર, અધિવેશન તાલીમ કાર્યક્રમો કાર્યશાળાઓ જેવી ૬૦ કરતા પણ વધુ પ્રવૃત્તિ છે. ર્ડા. પટેલ ૫૫ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સંશોધન પેપર જુદા જુદા પ્લેટફોર્મથી રજુ કરેલ છે. ફલાય એશ બ્રીક તથા હાઈ વોલ્યુમ ફલાય એશ કેન્દ્રીય જેવા અત્યંત જરૂરી ક્ષેત્રોમાં રીસર્ચ તથા ડેવલોપમેન્ટ પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે.

છેલ્લા વીસ વર્ષ થી ઈન્ડીયન સોસાયટી ફોર ટેકનીકલ એજયુકેશનમાં સંસ્થા રાજય તથા રાષ્ટ્રીય કક્ષાની વિવિધ કમિટિમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ વિધાર્થી, શિક્ષણ સમાજ તથા સંસ્થાકીય વિકાસ માટે હંમેશાં કટિબધ્ધતા દર્શાવતા રહ્યા છે.

ચારૂતર વિધામંડળ સરદાર પટેલ યુનિવર્સિટી તથા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવતી વિકાસ લક્ષી યોજનાઓમાં આગવું પ્રદાન આપી રહ્યા છે.

